**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના**

ચોમાસા દરમ્યાન નુકશાન પામેલ રસ્તાઓના મજબૂતીકરણ અને વિસ્તૃતીકરણના કામો માટે **૩૧ ડીસેમ્બર-૧૩** સુધી મુદત વધારવા બાબત.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગ
**ઠરાવ ક્રમાંક: સજય-૧૦૨૦૧૧-એફ-૧૯૯૩-ધ,**
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૬/૦૬/૨૦૧૩

**વંચાણે લીધાઃ-**

(૧). શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગનો તા.૩૦/૯/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: સજય-૧૦૨૦૧૧-એફ-૧૯૯૩-ધ

**પ્રસ્તાવનાઃ-**

રાજ્યમાં વર્ષા ઋતુ દરમ્યાન સતત એકધારા તથા ભારે વરસાદના કારણે રાજ્યની મહાનગરપાલિકાઓ તેમજ નગરપાલિકાઓમાં રસ્તાઓને મોટા પ્રમાણમાં થયેલ નુકશાન ના કારણે મહાનગરપાલિકા તેમજ નગરપાલિકાઓને ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ તરફથી ચોમાસા દરમ્યાન નુકશાન પામેલ રસ્તાઓના મજબૂતીકરણ અને વિસ્તૃતીકરણના કામો માટે વિભાગના તા.૩૦/૦૯/૨૦૧૧ ના આમુખ-૧માં ઠરાવથી સહાય આપવામાં આવેલ છે .

આ કામો માટે વર્ષ ૨૦૦૧ ના આખર સુધીમાં પૂરા કરી ભૌતિક પ્રગતિ અને ગ્રાન્ટ વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવાનું પણ ઠરાવેલ હતું. આ અંગેની મુદત અત્રેના તા. ૬/૦૬/૨૦૧૨ ના ઠરાવથી ડીસે-૨૦૧૨ સુધી ત્યાર બાદ અત્રેના તા. ૬/૦૨/૨૦૧૩ થી જૂન-૨૦૧૩ સુધી લંબાવવામાં આવેલ હતી તેમ છતા હજુ અમુક નગરપાલિકાઓએ જુદા જુદા કારણસર કામો પૂરા કરેલ નથી.

કલેકટરશ્રી પંચમહાલે એપ્રીલ માસમાં ગોધરા નગરપલિકાની દરખાસ્તને વહીવટી મંજૂરી આપવા બાબતે સરકારમાં માર્ગદર્શન મેળવવા રજૂઆત કરેલ હતી. આમ આ કામો માટે મુદત લંબાવી આપવા બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવઃ-**

ઉપર વંચાણે લીધેલ આ વિભાગના તા.૩૦/૦૯/૨૦૧૧ ના ઠરાવ અન્વયે મહાનગરપાલીકાઓ તેમજ નગરપાલિકાઓને ચૂકવવામાં આવેલ રકમમાંથી કરવાનાં કામો પૂરા કરવાની સમયમર્યાદા **૩૧ ડીસેમ્બર-૧૩** સુધી વધારી આપવામાં આવે છે. હવે પછી રસ્તાના કામો પૂરા કરવાની મુદત લંબાવવામાં આવશે નહીં. રસ્તાના કામે ફાળવવામાં આવેલ રકમ કરતાં વધારાનો ખર્ચ થશે તો સબંધિત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના સ્વભંડોળમાંથીજ મેળવવાનો રહેશે. આ અંગેની અન્ય શરતો ઉપર દર્શાવેલ ઠરાવ મુજબ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

મ્યુનિ. ફાઈનાન્સ બોર્ડ
ગાંધીનગર.
29 JUN 2013

(એચ.કે.ઠાકર)
ઉપસચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

નકલ રવાના પ્રતિ

- અંગત સચિવશ્રી, માન મંત્રીશ્રી, શહેરી વિકાસ નુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, સર્વે મહાનગરપાલિકાઓ
- નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર ગાંધીનગર( સર્વે નગરપાલિકાઓને પરિપત્રિત કરવાની વીનંતી સહ)
- પ્રાદેશિક નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર, રાજકોટ.
- મેનેર્જીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર
- કલેક્ટરશ્રી પંચમહાલ, ગોધરા જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ.
- મુખ્ય અધિકારીશ્રી ગોધરા નગરપાલિકા ગોધરા
- શાખા સીલેક્ટ ફાઈલ.